સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ત્રીજો માળ,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૯,
ગાંધીનગર.-૩૮૨૦૨૧

ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૬/૨૫૯૭૮-૨૬૦૧૯ તા.૦૬/05/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિ:- તમામ

**વિષય : વર્ષ ૨૦૨૬-૨૭ માં "શાળા પરિવહન યોજના" આપવા બાબત.**

**સંદર્ભ : (૧) રાજ્ય સરકારના તા:-૦૧/૦૪/૨૬ના મળેલ વહીવટી મંજૂરી.**

**(૨) એઆર&વીઈ શાખાની નોંધ પર માન સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની મળેલ મંજૂરી અન્વયે.**

**શ્રીમાન,**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ મુજબ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિધાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ સરળતાપૂર્વક સુરક્ષિત રીતે શાળા સુધી આવાગમન કરી શકે તે માટે વિવિધ વિકલ્પો મળી રહે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં શાળા સુધીની મુસાફરી કરવા માટે વિધાર્થી કન્સેશન પાસની સુવિધા આપવામાં આવે છે. વધુમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને તેમના રહેણાંકથી શાળા સુધીના અંતરના નિયમો મુજબ શાળા પરિવહનની સુવિધા નિયત સંખ્યાની મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે યોજનાનો વ્યાપ વધારી સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ ધોરણ – ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી શાળા સુધી આવાગમન માટે પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તા:-૧૨/૦૩/૨૦૨૪થી ઠરાવ(ક્રમાંક:ED/MIS/E-file/3/2023/5049/G-1 સચિવાલય ગાંધીનગર) કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના બજેટમાંથી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિધાર્થીઓને લાભ આપવા માટે તા:-૦૧/૦૪/૨૦૨૬ના પત્રથી બાળક દીઠ પ્રતિ માસ રૂ. ૮,૦૦/- લેખે વાર્ષિક મહત્તમ રૂ. ૮,૦૦૦/- લેખે રું -૭૦.૦૦/-કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

**"શાળા પરિવહન યોજના" માટે નીચે મુદ્દા નં-૧ થી ૪ માં પાત્રતાની જોગવાઇ કરવામાં આવેલ છે.**

1. રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવી શકશે.
2. આ યોજનાનો લાભ લેતાં વિધાર્થીઓનું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સમાન પ્રકારની અન્ય યોજનામાં ડુપ્લીકેશન ન થાય તે શાળાએ જેવાનું રહેશે.
3. વિધાર્થીના રહેણાંકથી ૦૫ કિ.મી.થી વધુ અંતર આવેલ સૌથી નજીકની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
4. ગુજરાત સરકારના "શાળા પરિવહન યોજના" ફાઇલ શાળા કક્ષાએ,તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએથી અલગ અલગ નિભાવવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં- ૧ થી ૪ મુજબ તમામ એસ.એમ.ડી.સી.સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએથી તા: ૮/૬/૨૦૨૬ સુધીમાં જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ દરખાસ્ત મેળવી અને તા:-૧૦/૬/૨૦૨૬ સુધીમાં મંજૂરી આપવાની પ્રક્રિયા પુર્ણ કરવી. જેથી બાળકોને નવા શૈક્ષણિક સત્રમાં શાળાઓ શરૂ થતા "શાળા પરિવહન યોજના" નો લાભ મળી શકે. વર્ષ:- ૨૦૨૬-૨૭ માટે "શાળા પરિવહન યોજના" માટે દરખાસ્ત મેળવવાની સૂચનાઓ, દરખાસ્ત પત્ર, વાલીનું સંમતિપત્રક, માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.

બિડાણ :
(૧) દરખાસ્ત ફોર્મ.
(૨) "શાળા પરિવહન યોજના" સબંધી સૂચનાઓ.
(3) માર્ગદર્શિકા
(૪) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીનો તા:-૨૮/૩/૨૦૨૫નો પત્ર.

(શિલ્પા પટેલ)
સચિવ
સમગ્ર શિક્ષા,ગાંધીનગર

# સમગ્ર શિક્ષા – ગુજરાત

SMDC દ્વારા "શાળા પરિવહન યોજના" શરુ કરવા માટેનું ફોર્મ (વર્ષ: ૨૦૨૬-૨૭)

સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને

"શાળા પરિવહન યોજના" દરખાસ્ત ફોર્મ

---

(૧) શાળાનું નામ : ડાયસ કોડ :

(૨) ક્લસ્ટર : તાલુકો : જિલ્લો:

(૩) શાળાનું સરનામું : એરીયા (રૂરલ/અર્બન):

(૪) આચાર્યનું નામ: આચાર્યનો સંપર્ક નંબર:

(૫) એસએમડીસીનું નામ :

(૬)બેન્કની વિગતો:

(a) એસએમડીસીના ખાતાની બેંકનું નામ :

(b) એસએમડીસીનું નો ખાતાનંબર :

(c) એસએમડીસીનો IFSC CODE:-

(૭) શાળા દ્વારા ટ્રાન્સપોર્ટેશન માટે નક્કી કરેલ વાહનનો પ્રકાર:

(થ્રી વ્હીલર, ફોર વ્હીલર, સરકારી બસ, અન્ય) :

(૮) વાહન માલિકનું નામ : વાહનનું નામ :

(૯) વાહન માલિકનું સરનામું: વાહનનો આરટીઓ નંબર:

(૧૦) વાહન માલિકનો સંપર્ક નંબર: વાહન માલિકનો લાયસન્સ નંબર

(૧૧) વાહન જો ડ્રાઈવર દ્વારા ચલાવવામાં આવતું હોય તો ડ્રાઈવરની વિગત

ડ્રાઈવર નામ :

સરનામુ :

સંપર્ક નંબર: લાયસન્સ નંબર:

સૂચનાઓ :

- "શાળા પરિવહન યોજના" માટે ડ્રાઈવર પાસે એન્ડ્રોઇડ ફોન ફરજીયાત હોવો જોઈએ
- "શાળા પરિવહન યોજના" માટેનું દરખાસ્ત ફોર્મ આચાર્યશ્રી તેમજ સીઆરસીના ફોરવર્ડિંગ લેટર સાથે તાલુકા કક્ષાએ મોકલવાનુ રહેશે.
- "શાળા પરિવહન યોજના" શરૂ કરતા પહેલા એસ.એમ.ડી.સી. નો ઠરાવ કરી તેમાં નક્કી કરેલ વાહન તેમજ માલિકની વિગત દર્શાવવાની રહેશે.
- વાહનનુ ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત શાળા કક્ષાએ હોવું જોઈએ.
- આરસી બૂક, લાયસન્સ, ગાડીનો ફુલ વિમાની ઝેરોક્ષ, પોલીસ વેરીફિકેશન તેમજ રૂ. ૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી પત્રક ફરજિયાત શાળા કક્ષાએ રાખવું. દરખાસ્ત સાથે ડ્રાઈવરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અને ગાડીનો નંબર પ્લેટ વાળો ફોટો આપવો.
- શાળામાં"શાળા પરિવહન યોજના" "A" અને "B" પેજ ઉપરની બાળકોની જ્ઞાતિ,ધોરણ વાઇઝ વિગત પૂરેપૂરી ભરીને આપવી અધુરી વિગતો વાળી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં.
- વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમમાં થયેલ ઓનલાઇન એન્ટ્રી મુજબ ચૂકવણું કરવાનું રહેશે.
- દરેક વાહન માટે અલગ-અલગ દરખાસ્ત કરવી.
- બાળકોની ચાઇલ્ડ પ્રોફાઈલ અને વાલી સંમતિ ફરજિયાત શાળા કક્ષાએ રાખવા.
- **RTOની ગાઇડ લાઇન મુજબ નિયમ અનુસાર "શાળા પરિવહન યોજના" વાહનમાં વિદ્યાર્થીને બેસાડવા.**
- "શાળા પરિવહન યોજના" માટે બંધ બોડી વાળુ વાહન હોવું જોઈએ
- વાહન ૪૦. કિલોમીટરથી વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં(RTOની ગાઈડ-લાઈન મુજબ)
- "શાળા પરિવહન યોજના" દરેક વાહન બે ફેરા કરી શકશે. તેનાથી વધારે ફેરા કરી શકશે નહી.
- વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત હોવી જોઈએ
- વાહનો ઉપર માલિક ડ્રાઈવરનો ટેલીફોન નંબર શાળાના નામ વાળું "શાળા પરિવહન યોજના" સુવિધાનું બેનર લાગેલું હોવું જોઈએ

**એસ.એમ.ડી.સી ના અધ્યક્ષ/આચાર્યશ્રી.**

## "શાળા પરિવહન યોજના" અંતર્ગત બાળકોની વિગત-(A)

| ક્રમ | બાળકનું નામ | કુમાર/કન્યા | ધોરણ | બાળકના ઘરનું પુરેપુરૂ સરનામું | ઘરથી શાળા વચ્ચેનું અંતર | જાતિ | યુનિક આઇડી | વાલીનો મોબાઇલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

એસ.એમ.ડી.સી.ના અધ્યક્ષ/ આચાર્યશ્રી.

## "શાળા પરિવહન યોજના" બાળકોની ધોરણવાર અને જાતિવાર માહિતી –(B)

| ધોરણ | એસ.સી | | | એસ.ટી | | | ઓ.બી.સી | | | અન્ય | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુ | કન્યા | કુલ | કુ | કન્યા | કુલ | કુ | ક ન્યા | કુલ | કુ | કન્યા | કુલ | કુ | કન્યા | કુલ |
| 9 | | | | | | | | | | | | | | | |
| 10 | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | |
| 11 | | | | | | | | | | | | | | | |
| 12 | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | |
| GRAND TOTAL | | | | | | | | | | | | | | | |

એસ.એમ.ડી.સી.ના અધ્યક્ષ/આચાર્યશ્રી.

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે દરખાસ્તમાં દર્શાવેલ તમામ બાળકોના રહેઠાણથી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું અંતર ૫-કિ.મી થી વધારે દૂર છે. તેમજ આ વિસ્તાર છુટો છવાયો, જંગલ વિસ્તાર, પહાડી વિસ્તાર, બેટ વિસ્તાર, તેમજ શહેરી વિસ્તારના એવા પ્રદેશ છે કે જયાં નવી શાળા શરૂ કરી શકાય તેમ નથી ત્યાં આ બાળકોને ખરેખર "શાળા પરિવહન યોજના"નો લાભ મળવાપાત્ર છે. અન્ય કોઈ પરિવહન સુવિધાનો લાભ મળતો નથી જેની અમારા દ્વારા ખાતરી થયેલ છે જે સાચુ અને બરાબર છે.જેના માટે તેમના વાલીઓની સંમતિ મળેલ છે.

"શાળા પરિવહન યોજના"ના નિયમોનુસાર જ આયોજન કરવામાં આવશે. તેમજ જિલ્લા/રાજ્ય કક્ષાના પરીપત્રોની સૂચનાઓની અમલવારી કરવામાં આવશે.

SMDCનાઅધ્યક્ષ/આચાર્યશ્રી — બ્લોક એ.આર.& વી.ઈ.

સી.આર.સી.કો- ઓર્ડિ. — બી.આર.સી./યુ.આર.સી. કો-ઓર્ડિ.

# સમગ્ર શિક્ષા – ગુજરાત

"શાળા પરિવહન યોજના" યોજનાનો લાભ અપાવવા માટે વાલીનું સંમતિ પત્રક

આથીહું ........................................................................................

મારૂ/મારા...............................................બાળકો

(૧)...................................................................................................

(૨)...................................................................................................

(૩)...................................................................................................

..........................................................................ગામની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધોરણ..............................માં અભ્યાસ કરે છે. અમારા ગામ/શહેર વિસ્તારની શાળાનું અંતર............ વધુ છે. જેથી અમારા બાળકો નિયમિત અને સમયસર શાળામાં જઇ શકે તે માટે અમે અમારી જવાબદારી થી બાળકો માટે "શાળા પરિવહન યોજના"નો લાભ અપાવવા માટે ભલામણ કરીએ છીએ.

અમારા બાળકોને ................................................................... દ્વારા શાળાના કાર્ય દિવસોમાં શાળાએથી આવવા જવા માટે "શાળા પરિવહન યોજના"નો લાભ લેવા માટે અમારી સહમતી આપુ છું. આ "શાળા પરિવહન યોજના" દરમ્યાન બાળકને કોઈપણ પ્રકારનું નુકસાન કે અન્ય પ્રકારની હાનિ થાય તો તેની જવાબદારી અમારી અંગત રહેશે.

તા:- ..............................

વાલીનું નામ : ..........................................................................................

વાલીની સહી : ..........................................................................................

સમગ્ર શિક્ષા –ગુજરાત

ચાઈલ્ડ પ્રોફાઈલ ("શાળા પરિવહન યોજના") વર્ષ:-૨૦૨૬-૨૭

વિદ્યાર્થીનો તાજેતરનો ફોટો લગાવવો

વિદ્યાર્થીનું નામ : ..........................................................................................

ધોરણ:.............ઉંમર:.............

શાળા :................................................... ડાયસ કોડ :..............................

શાળાનું સરનામું :...............................................................................................

ક્લસ્ટર :.......................તાલુકો :.......................જીલ્લો :....................

શાળાના આચાર્યશ્રી નું નામ..................................................................................

"શાળા પરિવહન યોજના" શરૂ થયાની તારીખ: .......................

રહેઠાણથી શાળાનું અંતર(કિ.મી.):...........................................................

વાહનનો પ્રકાર :........................................................................(રીક્ષા,ફોરવ્હીલર,બસ કે અન્ય)

વાહનચાલકનું નામ :...........................................................................................................

વાહનનો નંબર :...........................................................ફો.નંબર :.........................................................

લાયસન્સ નંબર:.........................................................................................................................

વાહનચાલકનું સરનામું:...........................................................................................................

"શાળા પરિવહન યોજના" વિગતો:

| ક્રમ | માસ | કુલ કાર્ય દિવસો | બાળકના હાજર દિવસો | ચૂકવેલ રકમ | મુ.શિ.શ્રી./આચાર્યશ્રીની સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુન | | | | | |
| ૨ | જુલાઈ | | | | | |
| ૩ | ઓગસ્ટ | | | | | |
| ૪ | સપ્ટેમ્બર | | | | | |
| ૫ | ઓક્ટોબર | | | | | |
| ૬ | નવેમ્બર | | | | | |
| ૭ | ડિસેમ્બર | | | | | |
| ૮ | જાન્યુઆરી | | | | | |
| ૯ | ફેબ્રુઆરી | | | | | |
| ૧૦ | માર્ચ | | | | | |

<u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત પત્રકમાં દર્શાવ્યા મુજબ બાળક શાળામાં હાજરીપત્રક મુજબ હાજર રહેલ છે અને તે મુજબ જ નાણાનું ચૂકવણું કરવામાં આવેલ છે.આ શાળામાં "શાળા પરિવહન યોજના" નિયમિત કાર્યરત છે.

પ્રમુખ(સહી) SMDC

SMDCનાઅધ્યક્ષ/આચાર્યશ્રી(સહી)

તા:-

## :બાંહેધરી પત્રક: (વર્ષ:-૨૦૨૬-૨૭)

હું નીચે સહી કરનાર વાહન માલીક/ડ્રાઈવર................................. રહે ..................... બાંહેધરી આપી લખી આપું છું કે હું મારા વાહન....................રજિ.નં. ...................દ્વારા.SMDC શાળા.................................દ્વારા તા.:- ..................... થી ચાલુ કરવામાં આવનાર "શાળા પરિવહન યોજના" અંતર્ગત આપવામાં આવેલ મંજૂરી મુજબ શાળાના કુલ .............. બાળકોને લાવવા – લઈ જવા માટે બંધાયેલ છું.

હું બાંહેધરી લખી આપું છુ કે, સદર વાહનમાં ઘરથી શાળા સુધી આવતા બાળકોને હું મારા વાહનમાં નિયમિત સમયસર શાળામાં લાવીશ-લઈ જઈશ તેમજ બાળકની સુરક્ષાની જવાબદારી મારી રહેશે. હું મારા વાહનમાં બાળકોને સુરક્ષિત રીતે બેસાડી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને વળગી રહી મારુ વાહન ચલાવીશ. જે દિવસે કોઈ કારણોસર બહારગામ જવાનું થશે તો, તે દિવસે હું અન્ય વાહનની સુવિધા કરી આપીશ. સાથે મારા વાહનમાં હું સ્વખર્ચે ફરજીયાત સ્માર્ટ ફોન અને નેટ ચાલુ રાખીશ અને GPS બેઝડ Vehicle Tracking System(VTS) ઓન લાઇન સિસ્ટમ અપલોડ કરી તેનો નિયમિત ઉપયોગ કરવાની ખાતરી આપી આ બાંહેધરી પત્ર લખી આપું છુ.

સ્થળ:- ..........................

તારીખ:- ......................

સહી:-.................................................

નામ :-................................................

રૂબરૂ :-................................................

## ❖ "શાળા પરિવહન યોજના" માટેની માર્ગદર્શિકા:-

### ➢ એસ.એમ.ડી.સી.શાળા કક્ષાએથી કરવાની કામગીરી:-

1. શાળા કક્ષાએ "શાળા પરિવહન યોજના" માટેની મળેલ નિયત ફોર્મેટમાં નિયમોનુસાર દરખાસ્ત તૈયાર કરી ક્લસ્ટર કક્ષાએ આપવી.
2. વિદ્યાર્થીના રહેણાંકથી ૦૫ કિ.મી.થી વધુ અંતર આવેલ સૌથી નજીકની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
3. શાળામાં "શાળા પરિવહન યોજના" સુવિધાનો શરૂ કર્યાનો રીપોર્ટ ક્લસ્ટર કક્ષાએ,તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ કરવો.
4. "શાળા પરિવહન યોજના" સુવિધા માટે NCPCR ની ગાઇડ લાઇનનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ રહેશે.અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઈ/૨૦૨૨/૧૭૫૯૦-૧૭૬૬૦
5. જે વિસ્તારમાં લોકલ ટ્રાન્સપોર્ટ કે સ્ટેટ ટ્રાન્સપોર્ટની સુવિધા પ્રાપ્ત નથી તેવા વિસ્તારના RTO માન્ય બંધ બોડીના ટ્રાન્સપોર્ટેશન વાહન, માન્ય ટ્રાવેલ્સ, માન્ય વાહનનો ઉપયોગ બાળકોને સાનુકુળ રહે તે મુજબ વાહન ચાલકો/એજેન્સી ની તમામ વિગતો (નામ,સરનામું.ફોન નં.)સાથે આપવાની રહેશે.
6. બાળકોના "શાળા પરિવહન યોજના" માટે થયેલ ચૂકવણાનાં બિલો,વાઉચર, રસીદોનો રેકોર્ડ એસએમડીસી કક્ષાએ રાખવાનો રહેશે અને આ ચૂકવણું ચેક/PFMS મારફત જે તે વાહન માલિકના નામ જોગ કરવાનો રહેશે.
7. "શાળા પરિવહન યોજના" યોજનાનો લાભ મેળવતા બાળકોની ફોટોગ્રાફ વાળી ચાઈલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.
8. શાળા કક્ષાએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે "શાળા પરિવહન યોજના" લાભ મેળવનાર બાળકોની નવી ફાઈલ નિભાવવાની રહેશે. તેમજ બાળકોનું હાજરી પત્રક નિયમિત નિભાવવાનું રહેશે.
9. "શાળા પરિવહન યોજના" લાભ લેતા બાળકોને શાળાએ લાવવા અને ઘરે લઇ જવા માટે ઉપયોગમાં લેવાતી ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર માટે ફિટનેસ સર્ટીફીકેટ અને પરમીટ છે કે કેમ ? તેની ખાતરી કરી તેની નકલ શાળા કક્ષાએ રાખવી અને તેને સમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.
10. **દરેક વાહન ચાલક પાસે ઈન્ટરનેટની સુવિધા ધરાવતો સ્માર્ટ મોબાઇલ ફોન ફરજીયાત હોવો જોઇએ. તેમજ દરેક વાહન ચાલકે GPS બેઝડ Vehicle Tracking System(VTS) નો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે.**
11. **"શાળા પરિવહન યોજના" ચૂકવણુ GPS બેઝડ Vehicle Tracking System(VTS)ની હાજરી પ્રમાણે કરવાનુ રહેશે.**
12. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.
13. <u>વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીના તા:-03/03/२००૬,તા:-२०/०૬/२००૬ અને તા:-૧૨/૦૬/૨૦૧૯ના પરિપત્રની સુચના તેમજ શાળાઓમાં પરિવહન બાબતે શિક્ષણ વિભાગના તા:-૦૧/૦૨/૨૦૧૬ના પ.ક્ર.પીઆરઇ/૧૨૧૬/સીસી-૯૨/કની સુચના અને ગાઇડલાઇન આપવામાં આવેલ છે સમગ્ર શિક્ષા ગાંધીનગરના તા:-03/0૨/૨૦૧૬,તા:-૦૬/03/૨૦૧૭,તા:-૨૨/૧૧/૨૦૧૭,તા:-૧૮/૦૫/૨૦૧૮,તા:-૧3/૦૫/૨૦૧૯, તા:-૧૨/૬/૨૦૧૯ વાહન વ્યવહાર કમિશ્નર, ગુજરાત રાજ્ય તા:-30/૫/૨૦૨૪ વાહન વ્યવહાર કમિશ્નર, ગુજરાત રાજ્ય, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના પત્ર ક્રમાંક:PTD/0૧૪૭/0૨/૨૦૨૫, તા:-૨૮/03/૨૦૨૫</u>ના પત્રો અન્વયે વાહનવ્યવહાર કમિશનરશ્રીની

કચેરીના પરીપત્રો,શિક્ષણ વિભાગ અને સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્રોની સૂચનાઓ અને ગાઇડલાઇનનુ પરિવહન સુવિધાઓનો લાભ લેતી શાળાઓએ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

14. ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલરમાં આવતા બાળકોની સલામતી અને સગવડ સચવાય તે હેતુથી તેમજ વાહન ચાલકોની માહિતીથી વાલીઓ પણ પરિચિત રહે તે માટે શરૂઆતના એક અઠવાડિયા દરમિયાન વાલીની મીટીંગ બોલાવી તેઓને જાગૃત કરાવામાં આવે.
15. **RTOની ગાઇડ લાઇન મુજબ નિયમોનુસાર "શાળા પરિવહન યોજના" ના વાહનમાં વિદ્યાર્થીને બેસાડવા.**
16. RTO-માન્ય બંધ બોડીનું પેસેન્જર વાહન હોવું જોઈએ.
17. જે વાહન બાળકો માટે "શાળા પરિવહન યોજના" ફરતું હોય તો તેના પર સ્કુલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઈએ.
18. દરેક વાહન ઉપર તેના માલિકનું નામ અને મોબાઈલ નંબર અવશ્ય લખેલા હોવા જોઈએ.
19. દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી, ફાયરસેફટીની બોટલ ફરજીયાત પણે હોવી જોઈએ. શાળાએ સમયાંતરે આ બાબતે ખાતરી કરવાની રહેશે
20. દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રખાય તેની સૂચનાનું પાલન થયેલ છે કે કેમ તેની ખાતરી શાળાએ પણ કરવાની રહેશે.
21. સ્કુલ વાહનના બારણા સારી ગુણવત્તાવાળા લોકથી બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચૂક હોવા જોઈએ.
22. દરેક ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર વાહનમાં સ્કૂલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઈએ. વાહનમાં બાળકોના દફતર વાહનની કોઈ પણ બાજુ બહાર લટકાવી શકાશે નહિ.
23. સીટ કુશન સાદી સપાટીવાળું હોવું જોઈએ વાંકીચૂકી સપાટીવાળું હોવું જોઈએ નહિ.
24. વાનમાં ઉતારું કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઈનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઈએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઈ ભાગ બહાર આવી શકે નહિ.
25. વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઈએ અને તે ચાલુ હાલતમાં હોવું જઈએ.
26. આવું વાહન ૪૦ કિમીથી વધુ ઝડપે ચલાવી શકાશે નહિ.વાહન કોઇ સંજોગોમાં બગડે તો બીજા વાહનની વ્યવસ્થા કરવાની રહેશે.જે દિવસે વાહન નહિ આવે તો તે દિવસનુ ચૂકવણુ કરી શકાશે નહિ.
27. ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકોને બેસાડી શકાશે નહિ.
28. ટ્રાન્સપોર્ટેશન માટે નક્કી કરેલ વાહનનો ચાલુ વર્ષનો ફુલ વીમો હોવો જોઈએ. જેની નકલ એસએમસી/ એસએમડીસીમાં રાખવાની રહેશે.
29. ડ્રાઈવરનું પોલીસ વેરીફીકેશન એક માસની સમય મર્યાદામાં ફરજીયાત કરાવવાનું રહેશે.
30. આરટીઓ કચેરીના શાળા પરિવહન માટેના નિયમો અને સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. "શાળા પરિવહન યોજના"માં કોમર્શિયલ પેસેન્જર વાહનનો ઉપયોગ કરવાનો રહેશે.

## ➢ ક્લસ્ટર કક્ષાએથી કરવાની કામગીરી:-

1. ક્લસ્ટર કક્ષાએ આવેલ દરખાસ્તનુ સી.આર.સી.કો –ઓર્ડિ. દ્વારા રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનુ રહેશે.
2. એસએમડીસી કક્ષાએથી આવેલ દરખાસ્તનુ ક્લસ્ટર કક્ષાએથી અભિપ્રાય આપીને તાલુકા કક્ષાએ મોકલવાની રહેશે.
3. ક્લસ્ટર કક્ષાએથી "શાળા પરિવહન યોજના"ની સુવિધાનુ નિયમિત મોનીટરીંગ કરવાનું અને માર્ગદર્શન આપવાનુ રહેશે.
4. તાલુકા કક્ષાએથી મળેલ સુચનાઓ એસએમડીસી કક્ષાએ આપવી અને તેનુ ફોલોઅપ લેવાનુ રહેશે.

## ➢ તાલુકા કક્ષાએથી કરવાની કામગીરી:--

1. તાલુકા કક્ષાએ આવેલ દરખાસ્તનુ રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનુ રહેશે.
2. એસએમડીસી કક્ષાએથી આવેલ દરખાસ્તનું તાલુકા કક્ષાએ અભિપ્રાય આપીને જિલ્લા કક્ષાએ મોકલવાની રહેશે.
3. "શાળા પરિવહન યોજના"નું નિયમિત મોનીટરીંગ કરવાનું અને માર્ગદર્શન આપવાનુ રહેશે.
4. જિલ્લા કક્ષાએથી મળેલ સૂચનાઓ એસએમડીસી. કક્ષાએ આપવી અને તેનુ ફોલોઅપ લેવાનુ રહેશે.
5. તાલુકા કક્ષાએથી GPS બેઝડ Vehicle Tracking System(VTS)દ્વારા મોનીટરીંગ કરવાનુ રહેશે.અને ઓવર સ્પીડ વ્હીકલને સુચના આપવાની રહેશે.

## ➢ જિલ્લા કક્ષાએથી કરવાની કામગીરી:-

1. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના" માટે એસ.એમ.ડી.સી..ને દરખાસ્ત કરવા માટે પત્ર કરવાનો રહેશે.અને આવેલ દરખાસ્તનુ રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનુ રહેશે.
2. જિલ્લા કક્ષાએ આવેલ દરખાસ્તનુ નિયમોનુસાર એસએમડીસી.ને મંજૂરી આપવાની રહેશે.
3. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"ના તમામ ડ્રાયવરોની જિલ્લા આર.ટી.ઓ.ઓફીસર દ્વારા વાહન વ્યવહારના નિયમોની એક દિવસનુ આયોજન કરી તાલીમ આપવાની રહેશે.
4. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"ની સુવિધાનુ રેન્ડમલી ક્રોસ મોનીટરીંગ કરવાનુ રહેશે.
5. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"ની એસએમડીસી.માં નિયમોનુસાર ગ્રાન્ટ ફાળવવાની રહેશે.અને યુ.ટી.સી.મેળવવાના રહેશે.
6. આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.
7. જિલ્લા કક્ષાએથી GPS બેઝડ Vehicle Tracking System(VTS) દ્વારા મોનીટરીંગ કરવાનુ રહેશે.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે શાળા કક્ષાએ આચાર્યશ્રી અને એસએમડીસી દ્વારા ચુસ્ત અમલ થાય તે જોવાનું રહેશે.